**ક્રમાંક–૧૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**સોમવાર, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૬ ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪ અને ૧૬ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૪, ૫, ૧૧ અને ૧૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૭થી ૮૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**રાધનપુર ખાતે આંખની હોસ્પિટલમાં દર્દીઓને થયેલ અંધાપાની અસર અંગે**

સભ્ય ડો. કિરીટકુમાર ચી. પટેલે પાટણ જિલ્લાના રાધનપુરમાં આવેલ માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ ૭ જેટલા દર્દીઓને થયેલ અંધાપાની અસરના કારણે ઓપરેશન માટે દાખલ થયેલ દર્દીઓ તેમજ તેઓના પરિવારજનોમાં હોસ્પિટલ તંત્ર સામે રોષ અને ભયની લાગણી ફેલાયેલ છે તે માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪ તથા મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬ રાજ્ય કક્ષાના માનનીય કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડે રજૂ કરી. માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૪ માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે રજૂ કરી તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૫ બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯, માંગણી ક્રમાંક–૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧, ૧૨ અને ૧૩, માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ તથા માગણી ક્રમાંક–૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી વિમલભાઇ ચુડાસમા | (૫) શ્રી અમુલ ભટ્ટ |
| (૨) શ્રી મહેશ કસવાલા | (૬) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા |
| (૩) શ્રી બાબુભાઇ પટેલ | (૭) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા |
| (૪) શ્રી ભગાભાઇ બારડ | (૮) શ્રીમતી સંગીતાબેન પાટીલ |

**૪. છત્રપતિ શિવાજીના જન્મદિન નિમિત્તે શુભેચ્છા**

માનનીય સભ્યશ્રી સંગીતાબેન પાટીલે છત્રપતિ શિવાજીના જન્મદિન નિમિત્તે શુભેચ્છા વ્યક્ત કરતું વકતવ્ય કર્યું.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી ભરતભાઇ પટેલ
(૧૦) ડો.જયરામભાઇ ગામીત

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) શ્રી મહેશભાઇ ભુરીયા
(૧૨) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૩) શ્રી કલ્પેશભાઇ પરમાર
(૧૪) શ્રી કિરીટકુમાર કે. પટેલ
(૧૫) શ્રી હેમંતભાઇ આહીર
(૧૬) શ્રી કિરીટસિંહ ડાભી

ત્યારબાદ ચર્ચાનો જવાબ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે  તથા બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આપ્યો.

**૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની બેઠક અંગે**

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની તા. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજની સભાગૃહની બેઠક પૂરી થયા બાદની બેઠક મુલતવી રાખવામાં આવેલ હોવાની અને નવી બેઠકની હવે પછીથી જાણ કરવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭  ૨૯ અને ૩૦  મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨, ૩, ૪, ૬, ૫૪ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૪–૪૫  વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.